**<u>રે.દિ.મુ.નં : ૧૮/૨૩.</u>**

## <u>આંક–૫ લગત હુકમ :–</u>

(૧) આ કામે વાદી ઘ્વારા હાલનો દાવો ડેકલેરેશન તથા પાર્ટીશન મેળવવા માટે લાવવામાં આવેલ છે અને વચગાળાનો હુકમ મેળવવા હાલની અરજી કરેલ છે. જેની ટું કમાં હકીકત એવી છે કે, મોજે ગામ વડેલા તાલુકો લીમખેડા જી.દાહોદ માં આવેલ ખાતા નં .૪૩૬ ના મુળ સર્વે નં.૧૦૭ ની કુલ હે.૨–૨૦–૫૬ વાળી જમીન તથા ખાતા નં.૪૩૮ ના મુળ સર્વે નં.૧૨૩ ની કુલ હે.૨–૨૪–૨૬ વાળી જમીનો પક્ષકારોના વડવા રુપસીગભાઈ દલાભાઈ પટેલની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની આવેલી હતી. રુપસીગભાઈ દલાભાઈએ બે વાર લગ્ન કરેલ હતા. પ્રથમ લગ્ન થકી સંતાનમાં મંગળભાઈ રુપસીગભાઈ, અને સોમાભાઈ રુપસીગભાઈ, એમ બે દિકરા હતા. ત્યારબાદ રુપસીગભાઈ, દલાભાઈએ બીજા લગ્ન બીજલીબેન સાથે કરેલા જે થકી ચાર દિકરાઓ ૧. મંગાભાઈ રુપસીગભાઈ, ૨. સોમાભાઈ રુપસીગભાઈ, ૩.અમરાભાઈ રુપસીગભાઈ, ૪.વીરસીગભાઈ રુપસીગભાઈ, ૫. મોહનભાઈ રુપસીગભાઈ, ૬. રેશમબેન રુપસીગભાઈ, ૭. ચંપાબેન રુપસીગભાઈ, ૮. કાંતાબેન રુપસીગભાઈ, ૯. શાંતાબેન રુપસીગભાઈ, ૧૦. અભેસીગ રામસીગભાઈ રુપસીગભાઈ, ૧૧. અરવીંદ રામસીગભાઈ રુપસીગભાઈ, ૧૨. કીકાબેન રામસીગભાઈ રુપસીગ ભાઈ, ૧૩. નંદાબેન રામસીગભાઈ રુપસીગભાઈ, ૧૪. સુઘરાબેન રામસીગ ભાઈ રુપસીગભાઈ, ૧૫. મંગળીબેન તે રામસીગભાઈ રુપસીગભાઈની વીઘવા, ૧૬. ગજરીબેન રુપસીગભાઈ, એમ કુલ સંતાનો હતા. રુપસીગ ભાઈનુ ૧૯૯૧ ના અરસામાં ગુજરી જતા વારસાઈથી તેઓના સદર સંતાનોના નામો ફેરફાર નોંઘ નં .૧૩૮૦ તા.૧/૧/૯૯ થી દાખલ થયેલા. ત્યારબાદ રુપસીગભાઈ દલાભાઈના મોટા દિકરા મંગાભાઈ રુપસીગભાઈ તા.૩૧/૫/૧૧ નારોજ ગુજરી જતા તેમના દિકરા જેસીગભાઈ મંગાભાઈનુ અગાઉ અવશાન થયેલ હોય તેમના વારસો નરેશભાઈ જેસીગભાઈ

તથા બીજા ૫ ના નામો ફેરફાર નોંધ નં.૧૯૨૪ થી તા.૩૧/૧૨/૧૨ થી રેકર્ડમાં દાખલ થયેલા. સોમાભાઈ રુપસીગભાઈ ગુજરી જતા તેમના વારસ બળવંતભાઈનુ નામ ફેરફાર નોંધ નં.૧૯૬૯ તા.૧૯/૭/૨૪ થી દાખલ થયેલ. તા.૫/૧૦/૧૭ નારોજ બળવંતસીહ સોમાભાઈ ગુજરી જતા તેમના વારસ ગણપતભાઈ બળવંતભાઈ અને સવીતાબેન તે બળવંતભઈની વીધવાના નામો ફેરફાર નોંધ નં. ૨૦૬૨ તા.૨૭/૨/૧૮ થી દાખલ થયેલા. મુળ પુરષ રુપસીગભાઈ દલાભાઈ સંતાનો વચ્ચે ખાતા નં.૪૩૬ અને ૪૩૮, ની જમીનોમા માતાઓ પ્રમાણે વહેંચણી થતા ખાતા નં.૪૩૬ નો સર્વે નં.૧૦૭ હે. ૨–૨૦–૫૬ ની જમીન પક્ષકારોના સંયુકત ભાગે આવેલ જયારે ખાતા નં.૪૩૮ ના સર્વે નં.૧૨૩ (જુનો ૨૯૮) ની જમીન હે.૨–૨૪–૨૬ ની જમીન ગુ.રુપસીગભાઈ દલાભાઈની પ્રથમ પત્નિના સંતાનો મંગાભાઈ અને સોમાભાઈના ભાગે ગયેલ જેની ફેરફાર નોંધ નં.૨૨૫૦ તા.૭/૧૨/૨૧ ની પડેલ છે. આમ રેવન્યુ ખાતા નં.૪૩૬ ના સર્વે નં.૧૦૭ હે. ૨–૨૦–૫૬ ની જમીન પક્ષકારોની સંયુકત માલીકી કબજાની આવેલી જે ગુજરનાર પક્ષકારોના વડવાએ કામચલાઉ રીતે સ્થળ ઉપર જુદા જુદા ભાગમાં દરેક સહ માલીક પોત પોતાની રીતે ખેતી કરતા આવેલા જેમાં પુર્વ પસ્ચિમ લાઈન કરી બે ભાગ કરેલા છે. ઉત્તર તરફનો અને દક્ષીણ તરફનો ઉત્તર તરફના પ્રથમ ભાગમાં ઉત્તર દક્ષીણ લાઈન કરી બે પેટા ભાગ કરેલા જેમા પુર્વ તરફના ૧ ભાગમાં થોડી જમીન સહીયારી ઉપયોગમાં લેવામાં અવેલ જેમા હેન્ડપંપ દરેકના ઉપયોગમાં લેવામાં આવે છે. ત્યાર પછી નીચે દક્ષીણ તરફના બીજા ભાગ પૈકીમાં ચાર લાઈનો પુર્વ પસ્ચિમ કરી ચાર પેટા ભાગ કરેલ જેમા ઉત્તર તરફથી ગણતા પ્રથમ ભાગ રામસીગ રુપસીગનો તે પછી દક્ષીણ તરફ જતા બીજો વીરસીગ તે પછી ત્રીજો મોહનભાઈ અને છેલ્લે ચોથો ભાગ અમરાભાઈનો આવેલ છે.

વાદીઓ અને પ્રતિવાદી નં.૧ અને ૨ અને ૧૫ નાઓ ગુ.અમરાભાઈ વરસીગના વારસો હોય ભાગે પડતી આવેલી જમીનમા વાદીઓ અને પ્રતિવાદી નં.૧ અને ૨ અને ૧૫ નાઓ વચ્ચે કામ ચલાઉ ભાગ કરેલા છે. જેમા મુળ સર્વે નંબરના ઉત્તર તરફના સહીયારી

જમીનના ભાગ પછી નીચે પસ્ચિમે આવેલ ચાર ભાગો પૈક દક્ષીણ તરફે આવેલ અમરાભાઈનો ભાગ પ્રતિવાદી નં. ર નાએ લીધેલ છે જેમા તેઓનુ બાપ વખતનુ સહીયારુ ઘર છે દક્ષીણ તરફના ભાગ પૈકી પુર્વ તરફના ચાર પેટા ભાગો પેકી પુર્વ તરફના ભાગો પૈકી અમરાભાઈ રુપસીગના ભાગે આવેલ ભાગ વાદી નં. ર અને પ્રતિવાદી નં. ૧પ ની ગુજરનાર માતા સવીતાબેનના ભાગે આવેલ જે વાદી નં.ર અને પ્રતિવાદી નં.૧પ ના ભાગે આવેલ છે. પસ્ચિમ તરફના ચાર ભાગો પૈકી દક્ષીણ તરફનો ભાગ વાદી નં.૧ ના ભાગે આવેલ છે. સદર કામચલાઉ સ્થળ વીભાજનનો નકશો આ સાથે લીસ્ટથી રજુ કરેલ છે.

આમ ઉપરોકત મુળ સર્વે નં.૧૦૭ ની કુલ જમીન હે.ર–ર૦–પ૬ હતી પરંતુ સને ર૦ર૧ માં નેશનલ હાઈવે નં.૪૮ એન/લીમખેડા, બનાવવા મુળ સર્વે નં.૧૦૭ માથી દક્ષીણ તરફની જમીન હે.૦–૧પ–પ૦ સને ર૦ર૧ માં સંપાદન થતા વાદીઓના ભાગે આવેલ મુળ સર્વે નં.૧૦૭ પેકીની જમીનો તથા પ્રતિવાદી નં. ૩ થી ૧પ ના ભાગો વાળી જમીનો સંપાદન થયેલ છે. જે સંપાદન થયેલ જમીન મુળ સર્વે નં.૧૦૭ માથી બાદ કરતા હાલ દાવાવાળા સર્વે નંબર ની જમીન હે.ર–૦૩–૧૭ પક્ષકારોના નામે રહેલ છે. જેનો હાલ સર્વે નં.૧૦૭ પક્ષકારોના નામે રેકર્ડમાં ચાલે છે. સંપાદન કરેલ જમીન હે.૦–૧પ–પ૦ જમીન માટે નવો પેંટા સર્વે નં.૧૦૭/૧ આપવામાં આવેલ છે. જે સરકારશ્રીના નામે આવેલ છે. અને સ.નં.૧૦૭ ની હે. ર–૦૩–૧૭ જમીન પક્ષકારોના વણ વહેચાયેલ સંયુકત માલીકી કબજા ભોગવટામાં આવેલ છે. સ.નં.૧૦૭ પૈકી સંપાદન થયેલ હે. ૦–૧પ–પ૦ જમીન પક્ષકારોની સંયુકત માલીકી કબજા ભોગવટાની આવેલ હતી જેથી મળેલ વળતરના નાણા રૂા.૪,૩૬,૩પ૬/– માં તમામ પક્ષકારોના ભાગે પડતો હકક અને હીસ્સો આવેલ છે. જેથી સંપાદન અધિકારીએ નકકી કરેલ વળતરની રકમ રૂા.૪,૩૬,૩પ૬/– મેળવવાની થતા પ્રતિવાદી નં. ર નાએ આગેવાની લઈ પક્ષકારોની સહીઓ લઈ કાર્યવાહી કરેલ હતી અને પ્રતિવાદીઓએ તા.પ/૧ર/રર નારોજ સદર વળતરના નાણાની વહેચણી કરેલ હતી. પરંતુ અમરસીગ રુપસીગના

વારસોના ભાગે આવેલ વળતરના નાણામાથી વાદીઓના હકકના નાણાની પ્રતિવાદી નં.૨ પાસે માંગણી કરતા રકમ આપેલ નથી કે હીસાબ રજુ કરેલ નથી અને હીસાબ માગતા ગાળો બોલી ઝગડો કરી તારી કોઈ જમીન અહીયા નથી તારે ખેડવા આવવુ નહી તેમ કહી મારવા દોડે છે. જેથી સદર સંપાદનમાં ગયેલ જમીનના વળતરના નાણા અને સં પાદન સીવાયની બાકી રહેલ પક્ષકારોની જમીનમાં કાયદેસર ભાગ પાડી દેવાની જરુર હોવાથી દાવો લાવેલ છે. વાદીઓનો પ્રાયમાફેશી કેસ છે. દાવાવાળી જમીનમાં વાદીઓ ખેતીકામ કરતા આવેલ છે. દાવામાં વાદીઓની જીતની પુરી શકયતાઓ છે. પ્રતિવાદી નં. ૨ નાઓ વાદીને દાવાવાળા સર્વે નંબરમાં વાદીના કામ ચલાઉ આવેલ હિસ્સાની જમીનમાં ખેતી કામ કરતા આવેલા હોય માંગેલ મનાઈ હુકમ ન આપવાથી વાદીના પાકને નુકશાન થાય તેમ છે. વાદીને પૈસાથી ભરપાઈ ન થાય તેવુ મોટુ નુકશાન થાય તેમ છે. જયારે માં ગેલ મનાઈ હુકમ આપવાથી પ્રતિવાદી નં. ૧, ૨ ને કોઈ નુકશાન થાય તેમ નથી તેવુ જણાવી એવી દાદ માંગેલ છે કે, દાવાવાળા સર્વે નંબરમા વાદીઓને પ્રવેશ કરતા કે ખેતી કામ કરતા કે વાપર ઉપયોગ કરતા પ્રતિવાદી નં.૧, ૨ નાઓ રોકે રોકાવે નહી કે અંતરાય કરે કરાવે નહી તથા સંપાદન થયેલ જમીનના નાણા પક્ષકારો વચ્ચે કાયદેસરની વહેંચણી ન થાય ત્યાં સુધી નામ.કોર્ટની કસ્ટડીમાં રાખવા દાવો દરમ્યાનનો કામ ચલાઉ હુકમ આપવા અરજ કરેલ છે.

(૨) પ્રતિવાદીઓને દાવાનો સમંસ તથા નોટીસ બજતા પ્રતિવાદી નં.૧ થી ૪ તથા ૭ થી ૧૫ નાઓ તેમના વિ.વકીલશ્રી મારફતે હાજર થઈ આંક–૨૭ થી વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીનો લેખિત જવાબ રજુ કરેલ છે. જેમા મહદઅંશે વાદીની દાવા અરજી ની હકીકતનો ઈન્કાર કરેલ છે અને વાદીનો દાવો શુધ્ધ બુધ્ધીથી કરેલ નથી. વાદીના દાવાને મીસ જોઈન્ડર ઓફ પાર્ટી અને નોન જોઈન્ડર ઓફ પાર્ટી નો બાધ છે, વાદીએ ખોટી ખોટી હકીકતો જોડી ખોટો દાવો કરેલ છે. તેમ જણાવી વાદીની દાવા અરજીની હકીકતનો ઈન્કાર કરેલ છે. અને ખરી હકીકતે જણાવેલ છે કે, દાવાવાળી

જમીનના મુળ પુરુષ રુપસીગભાઈ દલાભાઈ હતા તેઓ ૧૯૯૦ ની શાલમાં બીન વસીયત ગુજરી જતા ફેરફાર નોંધ નં.૧૩૮૦ તા.૨/૧/૯૯ નારોજ વારસાઈ નોંધ થી રે.સ.નં. ૨, ૨૯૮, ૨૭૫/૩ વાળી જમીનોમા ૧.મંગાભાઈ રુપસીગભાઈ, ૨. સોમાભાઈ રુપસીગભાઈ, ૩.અમરાભાઈ રુપસીગભાઈ, ૪.વીરસીગભાઈ રુપસીગભાઈ, ૫. મોહનભાઈ રુપસીગભાઈ, ૬. રેશમબેન રુપસીગભાઈ, ૭. ચંપાબેન રુપસીગભાઈ, ૮. કાંતાબેન રુપસીગભાઈ, ૯. શાંતાબેન રુપસીગભાઈ, ૧૦. રામસીગ રુપસીગના વારસો અભેસીગ રામસીગભા, અરવીંદ રામસીગભાઈ, મંગળાબેન રામસીગ, ૧૧. ગજરીબેન રુપસીગભાઈ નામ રેવન્યુ રેકર્ડમાં દાખલ થયેલ હતા. રામસીગભાઈને કુલ ૧૦ સંતાન હતા અને એક વીધવાનુ નામ દાખલ થયેલ આ તમામ દાવાવાળી જમીન ઉપરાંત રે.સ.નં. ૨૯૮, ૨૭૫/૩ ના કાયદેસર ના વારસદાર હતા અને સ્થળ ઉપર હીસ્સા કરી શેઢાપાળી કરી કૌટુંબીક વહેચણી કર્યા મુજબ ખેતી કરી ઉપજ લેતા આવેલ છે. દાવાવાળી જમીનમાં સંયુકત કબજેદાર પ્રતિવાદીના પિતા અમરાભાઈ રુપસીગને પુત્ર સંતાન ન હોય અને વાદી શારદાબેનને દેગાવાડા પરણાવી દીધેલ અને પ્રતિવાદી નં. ૨ ના રમીલાબેન ને તેઓની સેવા ચાકરીમા રાખવા માટે ઘર જમાઈ લાવવાનુ નકકી કરી ભીમસીગભાઈની સાથે લગ્ન કરાવી ઘર જમાઈ રાખેલ. વાદી નં. ૧ અને પ્રતિવાદી નં.૨ ની માતા પ્રતિવાદી નં. ૧ સુકલીબેન આજે પણ હયાત છે તેઓની સેવા ચાકરી રમીલાબેન કરે છે. અને તેમના પતિ ભીમસીગભાઈએ પુત્ર ની જેમ પ્રતિવાદીના ભાઈની સાથે એક જ ઘરમાં રહેતા હતા અને તેમના હીસ્સાની જમીનમાં ખેતી કરી ઉપજ મેળવી તેમનુ ભરણ પોષણ કરતા હતા. અમરાભાઈ સાથે શારદાબેન રહેવા તૈયાર ન હોવાથી અને પ્રતિવાદી નં . ૨ ના તેમની પુત્રી રમીલાબેન તેમની સેવા ચાકરી કરતા હોય તા.૩૦/૧/૧૭ નારોજ વસીયત નામુ કરી લીમખેડાના સબ રજીસ્ટ્રાર સમક્ષ રજુ કરેલ જે દસ્તાવેજ નં.૧૮૨/૧૭ થી સબ રજીસ્ટ્રાર કચેરી લીમખેડા ખાતે રજીસ્ટર થયેલ છે. અમરાભાઈ રુપસીગભાઈ તા.૧૬/૧૨/૧૯ નારોજ અવશાન પામેલ અને વાદી નં.૧ ના વીલની હકીકતથી વાકેફ હોય પ્રતિવાદી નં. ૨ સુકલીબેન બીમાર હોય તેમની દાવા સારવારમાં રોકાયેલ હોય

ત્યારે પ્રતિવાદી નં. ૨ અમરાભાઈના હીસ્સાની જમીનમા વસીયતનામાથી માલીક બનેલ હોવા છતા વારસાઈ અરજી કરી નોંધ નં. ૨૨૧૬ તા.૧/૯/૨૧ નારોજ દાખલ કરેલ અને પ્ર તિવાદી તેમજ તેમની માતાના નામ સાથે વારસાઈ નોધ દાખલ કરેલ છે. ખોટી નોં ધ સામુ લીમખેડાના આસી.કલેકટર સાહેબ સમક્ષ આર.ટી.એસ. અપીલ નં.૬૫/૨૩ નોધ કમી કરવા દાખલ કરેલ જે હાલ પેન્ડિંગ છે. પ્રતિવાદી નં. ૨ નાઓને વીલથી આપેલાની હકીકત પ્રતિવાદીના કુટુંબી કાકાના છોકરાઓને ખબર હોવાથી વાદી નં. ૧ ના તેઓને પણ દાવાના કામે ખોટી રીતે કૌટુંબીક વહેચણી થયેલ હોવા છતા પાર્ટીશનનો દાવો દાખલ કરેલ છે અને દાવામા ખોટુ પેઢીનામુ દર્શાવેલ છે. મંગાભાઈ રુપસીગભાઈ અને સોમાભાઈ રુપસીગભાઈના નામ નોંધ નં.૧૩૮૦ થી રે.સ.નં. ૨, ૨૯૮, ૨૭૫/૩ વાળી જમીનમા દાખલ થયેલ તેઓ પણ કાયદેસર હકક હીત ધરાવે છે છતા ઈરાદ પુર્વક તેમના વારસદારોના નામ પક્ષકાર તરીકે જોડેલ નથી. પ્રતિવાદી નં. ૯ વીરસીગભાઈ રુપસીગભાઈના ગુજરી ગયેલ હોવાનુ પ્લીડીંગમા દર્શાવી તેમની જમીન અભેસીગ રામસીગ ધરાવે છે તે ખોટી હકીકત ઉભી કરી છે. પ્રતિવાદી નં. ૨ અને પ્રતિવાદી નં. ૧૫ ના માતા સવીતાબેનને દેગાવાડા શારદાબેનના જેઠ મથુરભાઈ લખાભાઈ સાથે પરણાવેલ અને વાદી નં. ૨ અને પ્રતિવાદી નં. ૧૫ ના પિતા મરણ પામતા આ સવીતાબેનને વીધવા લગ્ન આ શરદાબેનના દિયર શનાભાઈ લખાભાઈ સાથે થયેલા અને આ વાદી નં. ૨ અને પ્રતિવાદી નં.૧૫ તેઓની માતા સાથે રહેતા હતા અને ત્યાર બાદ વડેલા રહેવા આવતા સવીતાબેનની સેવા ચાકરી પણ પ્રતિવાદી નં.ર નાએ કરેલી અને તેઓ મરણ પામતા અને વાદી નં. ૨ અને પ્રતિવાદી નં. ૧૫ ના લગ્ન થઈ જતા તેઓના પ્રથમ પિતા મથુરભાઈ અને પાલક પિતા શનાભાઈ લખાભાઈ બંનેના હીસ્સાની જમીનો શારદાબેનના પતિ ખેતી કરતા હોય અને તેઓને પણ સાથે રહેવા દેવા માગતા ન હોય બંને બહેનોને વાદી નં. ૧ પ્રતિવાદી નં. ૧૫ તરીકે દર્શાવેલ છે. દાવાવાળી જમીનમાં વાદીઓનો કોઈ લાગ ભાગ કે હકક હીસ્સો ન હોવા છતા અને વર્ષો પહેલા કૌટુંબીક હીસ્સા વહેચણી થયેલ હોવા છતા ખોટી વારસાઈ કરાવી રેવન્યુ રેકર્ડમાં નામ દાખલ કરાવી

પ્રતિવાદી સામુ ખોટો દાવો કરેલ હોય મનાઈ અરજી રદ્દ કરવા વિનંતી કરેલ છે. અને પ્રતિવાદીઓના દાવાવાળી જમીનમા કબજો ભોગવટો હોય વાદીઓ કે તેમના વાલી વારસો કે તેમના એજન્ટો પ્રતિવાદીએ ખેતી કરેલ જમીનમાં ગેર કાયદેસર પ્રવેશ કરે કરાવે નહી કે ભેલાણ કરે કરાવે નહી તેવો કામચલાઉ મનાઈ હુકમ વાદી સામુ આપવા અરજ કરેલ છે.

(૩) આ કામે વાદી તરફે આંક–૪૭ થી લેખિત દલીલ રજુ કરવામાં આવેલ છે જે વં ચાણે લેવામાં આવેલ છે. પ્રતિવાદી તરફે દલીલો સાંભળી,

(૪) સદર અરજીના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઠરાવવામાં આવેલ છે.

**–:: મુદ્દાઓ ::–**

૧. શું વાદીનો પ્રથમદર્શનીય કેસ છે?

૨. શું સમતુલાનું પલ્લુ વાદીની તરફેણમાં છે?

૩. શું વાદીને નાણામાં ન મુલવી શકાય તેવું નુકશાન થવા સંભવ છે?

૪. શું હુકમ ?

(૫) ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયોના જવાબ નીચે મુજબ છે.

૧. ''નકારમા '',

૨. '' નકારમાં '',

૩. '' નકારમાં '',

૪. આખરી હુકમ મુજબ.

**-:: કારણો ::-**

**મુદ્દા નં. ૧ થી ૩ ની સંયુકત ચર્ચા ::-**

આ કામે મુદ્દા નં. ૧ થી ૩ એક બીજા સાથે સંકળાયેલા હોય પુનરાવર્તન નિવારવા માટે મુદ્દા નં. ૧ થી ૩ ની ચર્ચા એકી સાથે કરવામાં આવેલ છે.

(૬) આ કામે બંને પક્ષની દલીલો સાંભળી, કાયદાકીય સ્થિતિ ધ્યાને લીધી, કેસનુ રેકર્ડ વંચાણે લીધુ. વાદીની સમગ્ર દાવા અરજી ધ્યાને લેતા વાદીની દાવા અરજી ખુબજ અસંદિગ્ધ છે. વાદી પ્રથમ તેમની દાવા અરજીમાં દાવાવાળી જમીન મુળ પુરૂષ રૂપસીંગ દલાભાઈની આવેલ હોવાનું જણાવે છે. અને રૂપસીંગ દલાભાઈએ બે લગ્ન કરેલ હોવાનું અને તેમની બન્ને પત્નીના સંતાનો વચ્ચે રેવન્યુ ખાતા નંબર ૪૩૬ અને ૪૩૮ ની જમીનોમાં માતાઓ પ્રમાણે વહેંચણી થતા રેવન્યુ સર્વે નંબર ૧૦૭ ની જમીનો પક્ષકારોના સંયુકત ભાગે આવેલ હોવાનું જણાવેલ છે. અને જે અંગે ફેરફાર નોંધ ૨૨૫૦ પડેલ હોવાનુ જણાવેલ છે. પરંતું વાદી તરફે નિ. ૩/૧૨ થી રજુ કરેલ ફેરફાર નોંધ નં. ૨૨૫૦ ધ્યાને લેતા તેમાં ખાતા નં. ૧૬૫ માં સમાવિષ્ટ રે.સ.નં. ૧૦૭ અને ૧૨૩ વાળી જમીન હાલમા સુગરાબેન રામસિંગભાઈ પટેલ, ગજરીબેન રૂપસીંગભાઈ પટેલ, વીરસીં ગભાઈ વિગેરેના સંયુકત ભાગીદારી વાળી આવેલ છે. સદરહુ સવાલવાળી જમીનમાં અરજદાર શ્રી પટેલ ગણપતભાઈ બળવંતભાઈ હિસ્સા વહેંચણીની અરજી કરતા સોગં દનામાં આધારે હિસ્સા વહેંચણીની નોંધ કરી તેવો ઉલ્લેખ કરવામાં આવેલ છે. આમ નોંધ નં. ૨૨૫૦ માં રેવન્યુ ખાતા નંબર ૪૩૬ અને ૪૩૮ ની વહેંચણીનો નોંધ નથી તેમજ સદર નોંધ ધ્યાને લેતા પણ કઈ રીતે હિસ્સા વહેંચણી થયેલ છે તે હકીકત સ્પષ્ટ થતી નથી. ઉપરાંત વાદી તેમના દાવામાં પક્ષકારો વચ્ચે કામચલાઉ વહેંચણી થયેલ છે. અને પક્ષકારો પોત પોતાના ભાગની જમીન ખેડે છે. તેવી હકીકત જણાવે છે. જયારે આગળ દાવાવાળી જમીન વણવહેંચાયેલી હોવાનું જણાવી જમીનનું વિભાજન કરવા

અંગેની રજુઆત કરેલ છે. ઉપરાંત આ કામે વાદી નં. ૨ તથા પ્રતિવાદી નં. ૧૫ ના નામ વાદી તરફે રજુ રાખેલ ગામ નમુના ૭/૧૨ ની નકલમાં કોઈ જગ્યાએ જણાય આવતા નથી. અને સદર બન્ને પક્ષકારો સવિતાબેનના સંતાનો હોવાનું જણાવે છે જયારે સવિતાબેન કોણ છે. અને તેમને આ દાવાવાળી જમીનમાં કઈ રીતે હકક અધિકાર પ્રાપ્ત થયેલ છે તેવી કોઈ હકીકત સમગ્ર દાવમાં જણાય આવતી નથી. આમ, વાદીનો દાવો ખુબ જ અસંદિગ્ધ હકીકતો વાળો જણાય આવે છે. ઉપરાંત દાવાવાળી જમીના મુળ પુરૂષ રૂપસીંગભાઈ દલાભાઈના વારસો વચ્ચે તેમની તમામ જમીનની વહેચણી થયેલ હોય તેવી કોઈ સ્પષ્ટ હકીકત દાવા અરજીમાં કે વાદીએ રજુ રાખેલ દસ્તાવેજી પુરાવામાં જણાય આવતી નથી. વાદી જયારે પાર્ટીશનનો દાવો લાવેલ હોય ત્યારે તમામ મિલ્કત અંગે પાર્ટીશન માંગવુ જોઈએ સીલેકટીવ જમીન અંગે પાર્ટીશન માંગી શકાય નહી ઉપરાંત વાદી તરફે હાલનો દાવો દાવાવાળી જમીના વિભાજનનો કરેલ છે. અને તેમાં તમામ પક્ષકારો સહમાલીક છે. તેવા સંજોગોમાં સહ માલીક સામે મનાઈ હુકમ મળી શકે નહીં.

(૭) ઉપરાંત વાદી તરફે તેમના દાવામાં દાવાવાળી જમીન પૈકી હે. ૦–૧૫–૫૦ ની જમીન સંપાદન થયેલ હોય અને તેના વળતરના નાણાં રૂા.૪,૩૬,૩૫૬/– માં તમામ પક્ષકારોનો ભાગે પડતો હકક અને હિસ્સો આવેલ હોવાનું જણાવી સદર રકમનું અરસ નરસ વિભાજન કરવા અને પક્ષકારો વચ્ચે વહેંચણી ન થાય ત્યાં સુધી નામદાર કોર્ટની કસ્ટડીમાં રાખવા રજુઆત કરેલ છે. પરંતું સદર જમીન સંપાદન અંગેના કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી કે સદર જમીન સંપાદન અંગે થયેલ એવોર્ડ કે ચુકવવામાં આવેલ રકમ અંગે પણ કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી તેમજ સદર રકમ ચુકવી દેવામાં આવેલ છે કે કેમ તેમજ જો ચુકવી દેવામાં આવેલ હોય તો કયા પક્ષકારને ચુકવવામાં આવેલ છે. તેવી પણ સ્પષ્ટ હકીકત જણાવતા નથી. ઉપરાંત જો વાદી તેમના દાવામાં સફળ થાય અને સદર રકમ પક્ષકારો વચ્ચે વિભાજન કરવાનો હુકમ કરવામાં આવે તો વાદી તે મુજબની રકમ મેળવવા હકકદાર થાય અને તેની નાણાંમાં મુલવણી થઈ

શકે તેવા સંજોગોમાં વાદીને સદર મનાઈ હુકમ નહી આપવાથી નાણામાં ન મુલવી શકાય તેવુ નુકશાન થતુ હોવાનું જણાય આવતું નથી.

(૮) આમ, આ કામે વાદી તરફે તેમના દાવામાં જે મુજબની તકરાર લેવામાં આવેલ છે. અને પ્રતિવાદી તરફે તેમના જવાબમાં જે વસીયતનામાંની તકરાર લેવામાં આવેલ છે. તે તમામ હકીકત પુરાવો લીધા સિવાય નિર્ણિત થઈ શકે તેમ નથી. તેમજ વાદી તરફે તેમના દાવામાં ખુબજ અંદિગ્ઘ હકીકતો જણવેલ છે. અને વાદી મુળ પુરૂષની તમામ જમીનોનું વિભાજન થયેલ હોવાની હકીકત પણ રેકર્ડ પર લાવી શકેલ નથી તેવા સં જોગોમાં જો તમામ જમીનનુ વિભાજન કરવાની જરૂરીયાત ઉપસ્થીત થાય તો સદર તમામ જમીનના બીજા સહહિસ્સેદારો પણ આ કામે જરૂરી પક્ષકાર ગણી શકાય અને તેમની ગેરહાજરીમાં કે તેમને સાંભળ્યા વગર તેમના વિરૂઘ્ધ કોઈ મનાઈ હુકમ આપી શકાય નહી ઉપરાંત વાદી તરફે તેમના દાવામાં જણાવેલ હકીકતો પુરાવાથી પુરવાર કરવાની જરૂરીયાત રહેલ છે. અને સહમાલીક સામે મનાઈ હુકમ આપી શકાય નહી તેમજ સંપાદન થયેલ જમીનના વળતર અંગના કિસ્સામાં નાણામાં મુલવી શકાય તેવુ નુકશાન જવા સંભવ છે. તે તમામ હકીકતો ઘ્યાને લેતા વાદીનો પ્રથમ દર્શનીય કેસ હોવાનું જણાય આવતું નથી.

(૯) આમ, ઉપરોકત તમામ ચર્ચા કર્યા મુજબ વાદીએ દાવાવાળી જમીન પક્ષકારો વચ્ચે કામ ચલાઉ વહેંચણી થયેલ હોવાનું જણાવેલ છે. જયારે દાવામાં જમીનના વિભાજનની દાદ માંગેલ છે. તેમજ દાવાવાળી જમીન મુળ પુરૂષ રૂપસીંગભાઈ દલાભાઈની હતી અને તેમને બે પત્નીઓ હતી અને તેમની પત્નીઓના સંતાનો વચ્ચે માતા મુજબ વિભાજન કરવામાં આવેલ હોવાની હકીકત જણાવેલ છે. પરંતું તેવો કોઈ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ કરેલ નથી તેમજ મુળ પુરૂષ રૂપસીંગભાઈ દલાભાઈની તમામ જમીનોનુ વિભાજન માંગેલ નથી તેમજ પક્ષકારોને દાવાવાળી જમીન વહેંચણીથી મળેલ હોવા અં ગે પણ કોઈ સ્પષ્ટ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. તેમજ સહ માલીક સામે મનાઈ હુકમ મળી શકે નહી તે તમામ હકીકત ઘ્યાને લેતા તેમજ સંપાદનમાં ગયેલ જમીનમાં ચોકકસ

નાણાંમા ગણતરી થઈ શકે તેમ હોય તેવા સંજોગોમાં વાદીનો પ્રથમ દર્શનીય કેસ નથી. કે બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીની તરફેણમાં નથી અને મનાઈ હુકમ ના આપવાથી વાદીને નાણામાં ભરપાઈ ના થાય તેવુ નુકશાન થતુ હોવાનુ પણ જણાઈ આવતુ નથી. તે તમામ સંજોગો ધ્યાને લેતા મુદ્દા નં ૧ થી ૩ નો જવાબ ''**નકારમાં**'' આપી મુદ્દા નં ૪ અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

**૧)** વાદીની હાલની આંક–પ ની વચગાળાની મનાઈ હુકમની અરજી આથી રદ યાને નામંજુર કરવામાં આવે છે.

**૨)** ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે.

હુકમ આજરોજ તા.૩૦ મી, માહે–એપ્રિલ, સને–૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૩૦/૦૪/૨૦૨૫
લીમખેડા

(મહેમુદ ઉસ્માન કુરમાની)
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
લીમખેડા
U.Id.code no.GJ01012